	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૭/૦૪/૨૦૨૨ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૭૪૬/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮	૪,૩૨,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૪૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૪૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૭૪૯/૨૦૨૨**

માધવપુરાઃ પ્રહલાદકુમાર ભેરાજી પ્રજાપતિ (ઉ.વ.૪૮)(રહે.ઉત્તર ગુજરાત પટેલ સોસાયટી, વિભાગ-૧, બાબુપુરા અસારવા) એ તા.૨૬/૦૪/૨૦૨૨ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૩/૨૦૨૨ ના રોજ માધુપુરા ચોક, ક્રીષ્ના કોમ્પલેક્ષ દુકાન નંબર-૬ ખાતે આવેલ "બોસ ઇન્ટરનેશન" નામની પ્રહલાદકુમારની દુકાન ખાતે આરોપી શેખર મનોજકુમાર માખીજાના (રહે.ગજાનંદ એપાર્ટમેન્ટ, ખાતીવાલા ટેન્ક, ઇંદોર)એ પ્રહલાદકુમારના મોબાઇલ ફોન ઉપર વાત કરી તેમનો વિશ્વાસ કેળવી, હોળીનો સીઝનેબલ માલ આપવા માટે પ્રહલાદકુમાર પાસેથી કુલ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- આંગડીયા પેઢી મારફતે મેળવી લઇ, પ્રહલાદકુમારના ઓર્ડર મુજબ નો માલ નહી મોકલી પ્રહલાદકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી પી.આર. સોનારા ચલાવે છે.

અમરાઇવાડીઃ સંદિપ સ/ઓ બિસનસિંગ સિરોહી (ઉ.વ.૪૭)(રહે,ક્વાર્ટર નંબર-૨ ભાનુ એપાર્ટમેન્ટ, જીરાફ સર્કલ પાસે, મણીનગર) એ તા.૨૬/૦૪/૨૦૨૨ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૨/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અમરાઇવાડી હાટકેશ્વર સર્કલ પાસે કે.સી.રેસ્ટોરન્ટની બાજુમાં રવિ ચેમ્બર્સમાં આવેલ કેનેરા બેંકની ખોખરા શાખા તથા તે બેંકની શાખાના એ.ટી.એમ.માંથી ખોખરા શાખાના બેંક કર્મચારી આરોપી જીજ્ઞેશકુમાર નવનીતભાઇ પ્રજાપતિ (રહે,સદગુરૂ સાનિધ્ય, એક્સ્પ્રેસ હાઇવે પાસે, ન્યુ મણીનગર) એ અવાર-નવાર બેંકના નાણાં એ.ટી.એમ.માં લોડ કરતી વખતે મેન્યુઅલી જે એન્ટ્રી કરેલ તેના કરતા દર વખતે ઓછા નાણાં લોડ કરતા, એ.ટી.એમ. તથા કેશીયર પાસેનો હિસાબ તપાસતા કુલ રૂપિયા ૩૮,૨૮,૦૦૦/- એ.ટી.એમ.માં લોડ નહી કરી બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.રોજીયા ચલાવે છે.

ધરફોડ:- **સમાચાર યાદી નં.૭૫૦/૨૦૨૨**

નવરંગપુરા: ભાર્ગવભાઇ ગ્યાપ્રસાદ વર્મા (ઉ.વ.૫૨)(રહે.ચિત્રકુટ એપાર્ટમેન્ટ, સોલા રોડ, નારણપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૪/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૨ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા સ્ટેડીયમ પાંચ રસ્તા પાસે, સ્વસ્તિક હાઉસના પહેલા માળે, ઓફીસ નંબર-૧૪ ખાતે આવેલ "આયુષી એર ટ્રાવેલ્સ" નામની ભાર્ગવભાઇની ઓફીસના બાથરૂમની બારીનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૬૨,૦૦૦/- તેમજ ટેબલના ડ્રોઅરનું તાળુ તોડી, શ્રીલંકન કરન્સી જેની ભારતીય રૂપિયા મુજબ કિંમત રૂપિયા ૨,૦૨૯/- તથા યુરો કરન્સી જેની ભારતીય રૂપિયા મુજબ કિંમત રૂપિયા ૧૨,૩૦૦/- તથા સિંગાપોર ડોલર કરન્સી જેની ભારતીય રૂપિયા મુજબ કિંમત રૂપિયા ૧૩,૯૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૦,૨૨૯/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મીસ્ત્રી ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૭૫૧/૨૦૨૨**

ગોમતીપુર: નરેન્દ્રકુમાર દેવીલાલ ખટીક (ઉ.વ.૨૫)(રહે.સારાભાઈ વકીલ ની ચાલી, વિક્રમ મીલની પાછળ, રખિયાલ રોડ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૪/૨૦૨૨ રાતના ૮/૩૦ થી ૯/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ગામીત ચલાવે છે.

વટવા જી.આઇ.ડી.સી:- રણછોડભાઇ ગોવર્ધનભાઇ આહલપરા (ઉ.વ.૯૩)(રહે,નિલકંઠ રેસીડેન્સી, એક્સપ્રેસ હાઇવે ની બાજુમા, જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૪/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના પાંચમા માળેથી કિચન વિન્ડોમાંથી નિચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.રાઠોડ ચલાવે છે.

સરખેજ: રીધ્ધીબહેન ડો/ઓ પીનાંગભાઇ સોમપુરા (ઉ.વ.૨૫)(રહે.વિશ્વાસ સીટી-૬, વંદેમાતરમ ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૪/૨૦૨૨ સાંજના ૪/૧૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે સરખેજ મકરબા "સિધ્ધી વિનાયક ટાવર" બ્લોક નં-સી ના કોઇપણ માળ ઉપરથી પડી જતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.ગરચર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.